*If you want to fly, We provide wings...*

ICE®

# TRENDING CURRENT

## TOPIC 31

## ઉજાલા તથા SLNP કાર્યક્રમ



- ચર્ચામાં શા માટે ?
- ઉજાલા તથા SLNP કાર્યક્રમ વિશે :-
- EESL વિશે :-


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


TOPIC-31નો
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો


અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in | t.me/icerajkotofficial | 9375701110/9328001110

# ચર્ચામાં શા માટે ?

- 5 જાન્યુઆરી, 2020ના રોજ ઉજાલા કાર્યક્રમ તથા Street Lighting National Programme (SLNP) એ તેના પાંચ વર્ષ સફળ રીતે પૂર્ણ કર્યા છે.
- SLNP એ વિશ્વનો સૌથી મોટો સ્ટ્રીટ લાઈટ બદલવાનો કાર્યક્રમ છે તથા ઊજાલા એ વિશ્વનો સૌથી મોટો ઘરેલુ લાઈટીંગ પ્રોજેક્ટ છે.

## ઉજાલા તથા SLNP કાર્યક્રમ વિશે :-

- UJALA નું પૂરું નામ Unnat Jyoti by affordable LEDs for all છે.
- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા 5 જાન્યુઆરી, 2015ના રોજ ઉજાલા તથા SLNP કાર્યક્રમ લોંચ કરવામાં આવ્યા હતા.
- આ બન્ને કાર્યક્રમોનું અમલીકરણ EESL નામની સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યું છે. EESLનું પૂરું નામ Energy Efficiency Services Limited છે.
- SLNP કાર્યક્રમ હેઠળ કુલ 1.03 કરોડ કરતાં પણ વધુ સ્માર્ટ LED સ્ટ્રીટલાઈટ આજ સુધીમાં ઈન્સ્ટોલ કરવામાં આવી છે.
- SLNP કાર્યક્રમ દ્વારા પ્રતિ વર્ષ 697 કરોડ કિલોવોટ કલાક (Kwh) ઊર્જાની બચત થઈ રહી છે. તથા આ દ્વારા 13,000 જેટલી રોજગારીનું સર્જન થયું છે અને 'મેક ઈન ઈન્ડિયા' કાર્યક્રમને પણ પ્રોત્સાહન મળ્યું છે.
- ઉજાલા કાર્યક્રમ અંતર્ગત 36.13 કરોડ કરતાં વધુ LED બલ્બની વહેંચણી કરવામાં આવી છે. જેના દ્વારા 4,692 કરોડ કિલોવોટ કલાક (Kwh) ઊર્જાની બચત પ્રતિ વર્ષ થઈ રહી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ઉપરાંત SLNP કાર્યક્રમ દ્વારા પ્રતિ વર્ષ 48 લાખ ટન તથા ઉજાલા કાર્યક્રમ દ્વારા પ્રતિ વર્ષ 3 કરોડ 80 લાખ ટન કાર્બન ડાયોકસાઈડ વાયુનું ઉત્સર્જન ઓછુ થયું છે.
- આ બન્ને કાર્યક્રમો દ્વારા થયેલા અન્ય ફાયદાઓ આ મુજબના છે.
  - લોકોના વીજળીના બિલમાં ઘટાડો થયો છે. પરિણામે નાણાની બચત થઈ છે.
  - LED દ્વારા વધુ સારી ગુણવત્તાવાળો પ્રકાશ મળતા રાત્રિના સમયે ઉત્પાદન વધ્યુ છે.
  - ઊર્જા સમાવિષ્ટતામાં વધારો થયો છે.
  - SLNP કાર્યક્રમ દ્વારા રસ્તાઓ પર લાઈટીંગ વધતા પદયાત્રીઓ અને નાના વાહન ધરાવનારાઓને ફાયદો થયો છે. પરિણામે માર્ગ સલામતી પણ વધી છે.
- માર્ચ 2020 સુધીમાં SLNP હેઠળ 1.34 કરોડ જૂની લાઈટીંગ સિસ્ટમના બદલે નવા સ્માર્ટ LED ઈન્સ્ટોલ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

## EESL વિશે :-

- EESL એ વિશ્વની સૌથી મોટી જાહેરક્ષેત્રની એનર્જી સર્વિસ કંપની (ESCO) છે.
- EESL એ વિદ્યુત મંત્રાલય હેઠળની જાહેરક્ષેત્રની ભાગીદારી કંપની છે.
- EESLના મુખ્ય કાર્યક્રમોમાં ઉજાલા, SLNP, અટલ જયોતિ યોજના, સૌર-કૃષિ પંપ સેટ વગેરેનો સમાવેશ થાય છે.
- EESLનો ભારતની સૌથી ઝડપથી વિકસતી કંપનીઓની યાદીમાં સમાવેશ થાય છે.
- EELS દ્વારા કુલ 40,000 રોજગારીનું સર્જન પ્રત્યક્ષ રીતે તથા 25,000 રોજગારીનું સર્જન પરોક્ષ રીતે કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT